Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 13,(SURAT), DATE-18/09/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૧૩, (સુરત), તા.૧૮/૦૯/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 નિઝર- કુકરમુંડામાં પૂજા અર્ચનાબાદ વિઘ્નહર્તાનું વિસર્જન

3 ગણેશ વિસર્જનમાં ભક્તિના રંગે રંગાયું સુરત : ગુજરાતના ગરબા સાથે મહારાષ્ટ્રની લેઝીમનો અનોખો સંગમ

4 રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર હિદલા ખાતે રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરાઈ

## અમદાવાદ શ્રી અક્ષર પુરુષોત્તમ મંદિર પ્રગટ ગુરુહરી પ્રબોધ જીવન સ્વામીજીના સાનિધ્યમાં જળજીલી એકાદશી ની ભવ્ય ઉજવણી કરવામાં આવી











વિદેશ માં અલગ અલગ દેશનું વિચરણ બાદ પ્રબોધ જીવન સ્વામી અમદાવાદના બાકરોલ મંદિર ખાતે પધાર્યા હતા. અને જળજીલી એકાદશી ની ઉજવણી સુરત મુંબઈ ભાવનગર કચ્છ ભુજ બારડોલી વડોદરા રાજકોટ અમદાવાદ જેવા પ્રાંતમાંથી પધારેલા સમગ્ર ગુજરાતના ૨૫૦૦૦ હરિભક્તો સાથે ભક્તિ ભાવથી ઉજવણી કરી હતી. પધારેલ સર્વે હરિભક્તોએ સ્વામીજીના દર્શન પરાવાણી પ્રસાદી નો લાભ લીધો હતો.

## મુખ્યમંત્રીના હસ્તે ૧૯ સપ્ટેમ્બરે સુરતના વિકાસ માટેના ઈકોનોમિક ડેવલપમેન્ટ ગ્રોથ હબ પ્લાનનું લોન્ચીગ થશે

બારડોલી- વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત ભારત બનાવવાના વિઝનને સાકાર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા નીતિ આયોગના ઉપક્રમે ભારતમાં સૌથી ઝડપથી વિકસતા મહત્ત્વના સુરત, વારાણસી, મુંબઈ અને વાઈઝેગ(આંધ્રપ્રદેશ) એમ ચાર શહેરો અને તેની નજીકના વિસ્તારોને 'ગ્રોથ હબ્સ' તરીકે વિકસાવીને મેગા ઈકોનોમિક ગ્રોથ હબ બનાવવાના આગવા વિઝન સાથે આગળ વધી રહી છે. જેમાં એક 'ગ્રોથ હબ' તરીકે સુરત અને તેની આસપાસના નવસારી, ભરૂચ, ડાંગ, તાપી તથા વલસાડ જિલ્લાઓને વિકસાવવાનું આયોજન કર્યું છે. જેના ભાગરૂપે સુરત સહિત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ સાથેના સુરત ઈકોનોમિક ડેવલપમેન્ટ ગ્રોથ હબ પ્લાનનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે લી. મેરીડીયન હોટેલ ખાતે લોન્ચીગ કરવામાં આવશે.

આ કાર્યક્રમના આયોજન અર્થે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે શહેર તથા જિલ્લાની ઈન્ડસ્ટ્રીઝ, શૈક્ષણિક સંસ્થાઓ, હેલ્થ સહિતના તમામ સેક્ટર્સના પ્રતિનિધિઓ સાથે તબક્કાવાર બેઠક મળી હતી. આ બેઠકમાં મ્યુ.કમિશનર અને જિલ્લા કલેક્ટરે સુરતની ક્રેડાઈ, આર્કીટેક્ચર, આઈટી, બેન્કર્સ, ડાયમંડ, ટેક્ષટાઈલ, ફોસ્ટા, ચેમ્બર્સ, GIDC ઓ, હજીરાની કંપનીઓ, હેલ્થ સેક્ટર, હોટેલ એન્ડ ટ્રાવેલ્સ એસોસિયેશનો, ફુડ પ્રોસેસીગ, જરી, એમ્બ્રોઈડરી, ફાર્મા સેક્ટર, વિવર્સ એસો, વકીલ મંડળ, એકવા કલ્ચર, શૈક્ષણિક સંસ્થાના વડાઓ, ચાર્ટર એકાઉન્ટન્ટસ, કંપની સેક્રેટરી, જીએમઆરસી, મેટ્રો, બુલેટ ટ્રેન જેવા ૨૫ થી વધુ સેક્ટર્સના પ્રતિનિધિઓ સાથે તબક્કાવાર બેઠક યોજી હતી અને ૨૦૪૭ના વિકસિત ભારતમાં વિકસિત સુરતના વિઝન સાથે ક્યાં ક્યાં સેક્ટરમાં સુરત વધુ તેજીથી આગળ વધી શકે તે માટેના વિઝનનો પ્લાનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જે સંદર્ભે વિચાર વિમર્શ કરી સૌને લોન્ચિંગ કાર્યક્રમમાં ભાગ લેવા નિમંત્રણ પાઠવ્યું હતું.

## ગણપતિ બાપા મોરિયા અગલે બરસ તુ જલ્દી આ નારા સાથે બારડોલી મા ૧૫૦ વધુ નાની-મોટી ગણપતિની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું

















**બારડોલી**–પ્રથમ વંદન કરતા શ્રીગણેશજી ની ભાવિક ભકતોએ ૧૦ દિવસ સુધી ભકિત આરાઘના કર્યા બાદ ભકિતમય વાતાવરણ માં સૌ એ પોત પોતાના મંડળ કે ઘરો માં કે ઓફીસ માં સ્થાપિત કરેલા મંગલમુર્તીઓને મોટી સંખ્યામાં હાજર રહી હર્ષોલ્લાસ થી વિસર્જન માટે ઉમટી પડયા હતા. ઢોલ નગરાના તાલે લોકો ઝુમી ગણેશ જી ને ભાવભીની વિદાય આપી. ગણપતિ બાપ્પા મોરયા.. અગલે બરસ તુ જલ્દી આ ના નારા સાથે સમગ્ર શહેર ગુંજી ઉઠયું હતું.








LIC digit MUTUAL FUND BUILT ON RULES care HEALTH INSURANCE BAJAJ Allianz

શું તમારી હેલ્થ ઈન્સ્યોરેન્સ પોલીસીનું પ્રીમિયમ વધી ગયુ છે ?

તમારા એજન્ટ તરફ થી સર્વિસ નથી મળી રહી ?

ફકત એક ફોન કરો

Door Step Services

મેડીકલેમ કરાવો

- વ્યાજબી પ્રીમિયમ
- નો કલેમ બોનસ 600% સુધી [ડાયબિટીસ ઈન્સ્યુલીન, માનસિક રોગ બીપી, હદય રોગ, થાઈરોઈડ, જેવી ગંભીર બીમારિઓ કવર]
- દર વર્ષે હેલ્થ ચેકઅપ ફ્રી
- કેશલેસ ફેશીલીટી
- ઈન્કમ ટેક્ષ માં લાભ
- દરેક કંપનીની પોલીસી પોર્ટેબલીટી કરી આપવામાં આવશે.
- કન્ટીન્યુ બેનીફીટ સાથે

એજન્ટ બનવા કોલ કરો
NIMESH N. PATEL
Mo. 88663 66683
E-mail :
nimesh.p888@gmail.com

- Life Insurance
- Health Insurance
- Mutual Fund
- Motor Insurance

Office : 214, 2nd Floor, Exiito Comercial Hub, Nr Nayara Petrol Pump, Jahagirpura, Surat

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તા. ૧૭ મી સપ્ટે. થી ૩૧ મી ઓક્ટો. દરમિયાન સેવાસેતુના કાર્યક્રમો યોજાશે; ૫૫ જેટલી યોજનાઓના કામો અને લાભો એક સ્થળે મળશે




બારડોલી- રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતઓના ઉકેલની ઝડપ વધે તે માટે તાલુકા કક્ષાએ સેવાસેતુ કાર્યક્રમ ગ્રામ્ય તેમજ મહાનગરપાલિકા અને નગરપાલિકા કક્ષાએ સેવાસેતુ કાર્યક્રમ શહેરીકક્ષાએ ૧૦માં તબક્કાનું તા. ૧૭/૦૯/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૪ દરમિયાન યોજાનાર છે. સેવા સેતુમાં ૫૬ જેટલી સેવાઓને આવરી લેવામાં આવી છે.

તા ૧૭/૦૯/૨૦૨૪ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના લાજપોર ગામે, કામરેજના શામપુરા, મહુવાના ઓડચ, પલસાણાના ખરભાસી ગ્રામ પંચાયત ખાતે, માંગરોળના વેલાછા પ્રા. શાળા, માંડવીના માલ્ધાની મુખ્ય શાળા, ઉમરપાડાના કેવડી પ્રા. શાળા, ઓલપાડના કુદિયાણા તથા બારડોલીના આફવા ગામે સેવાના કાર્યક્રમ યોજાશે. જેમાં આસપાસના ગ્રામજનોને બહોળી સંખ્યામાં લાભ લેવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

આ સેવાસેતુમાં આધાર, રાશનકાર્ડ નોધણી સહિતના સુધારા-વધારાઓ, ફ્રી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન દિવ્યાંગતા પ્રમાણપત્રો, કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના, નમોશ્રી યોજના, આયુષ્યમાન કાર્ડનો લાભ, જન્મ-મરણ તથા લગ્ન નોધણીના પ્રમાણપત્ર, જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવા, પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, જાતિ પ્રમાણપત્રો, આવકના દાખલાઓ, નોન ક્રિમીલેયર પ્રમાણપત્રો, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના તથા અન્ય પેન્શન યોજનાઓ, બસ કન્સેશન પાસ - દિવ્યાંગ માટે જેવી ૫૫ યોજનાઓનો લાભ એકજ સ્થળે મળશે. કેમ્પ સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થશે. સવારે ૯.૦૦થી ૧૧.૦૦ વાગ્યા દરમિયાન અરજદારો પાસેથી રજૂઆતો અને પુરાવા મેળવાશે. ત્યાર બાદ ૩.૦૦થી ૫.૦૦ કલાક દરમિયાન અરજદારોને તેમણે કરેલી રજૂઆતોના આખરી નિકાલ કરવામાં આવશે. જયાં પ્રમાણપત્ર સ્વરૂપે સેવા આપવાની થતી હોય ત્યાં હાથોહાથ સેવાની સુપ્રદગી કરવામાં આવશે.

**કેમ્પ સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થશે. સવારે ૯.૦૦થી ૧૧.૦૦ વાગ્યા દરમિયાન અરજદારો પાસેથી રજૂઆતો અને પુરાવા મેળવાશે.**

## તાપી જિલ્લામાં જાહેર સ્થળોએ સી.સી.ટી.વી કેમેરા લગાવવા અંગે જાહેરનામુ




**વ્યારા-તાપી-** જિલ્લામાં સુલેહ અને શાંતિનું વાતાવરણ જળવાઇ રહે અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.આર. બોરડે એક જાહેરનામું પ્રસિદ્ધ કરી તાપી જિલ્લામાં આવેલી તમામ બેંકો, તમામ એટીએમ સેન્ટરો, સોના-ચાંદી તથા કિમતી ઝવેરાતની દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્સ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ- બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, હાઈવે પરના ટોલ નાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેકપોસ્ટ તથા જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔધોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલિકો/ ઉપભોક્તાઓ/ વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશ દ્વાર પ્રવેશ દ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ

જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના ( માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. સીસીટીવીના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. કેમેરા સતત ૨૪ કલાક કાર્યરત રહે તે જોવાની જવાબદારી માલિકો/ ઉપભોકતાઓ/ વહીવટકર્તાઓ ની રહેશે. કેમેરા તથા સિક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ સાત દિનમાં ઉભી કરી દેવાની રહેશે. આ જાહેરનામું તા. ૦૯.૧૧.૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.




## આગામી ૨૫ વર્ષમાં આપણા દેશને વિકસિત બનાવવાનો આ ગોલ્ડન સમયગાળો છે: નરેન્દ્ર મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે છે, ત્યારે તબક્કાવાર એક પછી લોકાર્પણના કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ હવે ખઉઈ ગ્રાઉન્ડ ખાતે સન્માન સમારોહમાં પહોચ્યા હતા. જીએમડીસીમાં ખુલ્લી જીપમાં બેસીને વડાપ્રધાને લોકોનું અભિવાદન ઝીલ્યું હતુ અને સ્ટેજ સુધી પહોચ્યા હતા. આ દરમિયાન તેમની સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સીઆર પાટીલ પણ સાથે હતા. આ દરમિયાન લોકોનું માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. જીએમડીસી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સન્માન યોજવામાં આવ્યું હતું.

પીએમ મોદીએ અમદાવાદના જીએમડીસી ખાતેથી બટન દબાવીને ગુજરાતને ૮,૦૦૦ કરોડના વિકાસકાર્યોની ભેટ આપી હતી. સિંગલ વિંડો આઇએફસીએ સિસ્ટમ લોન્ચ કરી હતી. ત્યારબાદ વડાપ્રધાને પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને આવાસ યોજનાના મકાનોની ચાવી આપી હતી. દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલનું વર્ચુઅલ ઉદઘાટન કર્યું હતું. બીજી તરફ રેલવેએ વંદે મેટ્રોનું નામ બદલીને નમો ભારત રેપિડ રેલ કરી દીધું છે. દેશની આ પહેલી નમો ભારત રેપિડ રેલ ભુજથી અમદાવાદની વચ્ચે દોડશે. આ ટ્રેન પાંચ કલાક અને ૪૫ મિનિટમાં અમદાવાદ અને ભુજ વચ્ચેનું અંતર કાપશે, જેની વચ્ચે નવ સ્ટેશન પર આ ટ્રેન રોકાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધનની શરૂઆત કરતાં કહ્યું હતું કે ઉત્સવના આ સમયમાં ભારતના વિકાસનો ઉત્સવ પણ નિરંતર ચાલુ રહેશે.



અત્યારે અહીંથી લગભગ ૮,૫૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ થયો છે. તેમાં રેલવે, રોડ અને મેટ્રો જેવા અનેક પ્રોજેક્ટ્સ સામેલ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આજથી અમદાવાદ ભુજ વચ્ચે નમો ભારત રેપિડ રેડ શરૂ થઇ ગઇ છે, આ ટ્રેનથી મિડલ ક્લાસ લોકોને ફાયદો થશે. આગામી સમયમાં અનેક શહેરોને નમો ભારત રેપિડ રેલની કનેક્ટિવિટી મળશે. દેશમાં ૧૫થી વધુ રૂટ પર નવી નમો ભારત રેપિડ રેલ દોડાવવામાં આવશે, જયારે ૧૨૫થી વધુ ભારત ટ્રેન લોકોને સેવા આપી રહી છે. આગામી ૨૫ વર્ષમાં આપણા દેશને વિકસિત બનાવવાનો આ ગોલ્ડન સમયગાળો છે. જેમાં ગુજરાતની સૌથી મોટી ભૂમિકા છે. ગુજરાત ભારતનુંપ્રથમ એરક્રાફ્ટ આપશે. આજે ગુજરાતમાં એક-એકથી ચઢિયાતી યુનિવર્સિટીઓ છે, આ ઉપરાંત વિદેશી યુનિવર્સિટીઓ પણ ગુજરાતમાં કેમ્પસ શરૂ કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસના કાર્યો માટે દેશવાસીઓ અને ગુજરાતીઓને શુભેચ્છા પાઠવી છે. ઇતિહાસમાં પહેલીવાર ગુજરાતમાં પહેલી અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઇ છે. જેમાં આપણે ઘણાં સ્વજનોને ગુમાવ્યા છે. ત્રીજીવાર પ્રધાનમંત્રીના રૂપમાં શપથ લીધા બાદ પહેલીવાર ગુજરાત આવ્યો છે, ગુજરાત મારી જન્મભૂમિ છે. ગુજરાતે મને જીવનની દરેક શીખ આપી છે. તમે લોકોએ હંમેશા મારી ઉપર તમારો પ્રેમ વરસાવ્યો છે. પુત્ર જયારે પોતાના ઘરે આવીને સ્વજનોના આશીર્વાદ લે છે ત્યારે તેને નવી ઉર્જા મળે છે. તેનો ઉત્સાહ અને જોશ વધી જાય છે. આટલી મોટી સંખ્યામાં તમે આશીર્વાદ આપવા માટે આવ્યા તે મારું સૌભાગ્ય છે.

## અમદાવાદ-ગાંધીનગર મેટ્રો અમદાવાદની જેમ દર ૧૨ મિનિટે નહી, પરંતુ સવા કલાકે આવશે



પ્રધાનમંત્રી મોદીએ લીલી ઝંડી આપ્યા બાદ અમદાવાદ-ગાંધીનગર વચ્ચેની મેટ્રો ટ્રેન શરુ થઈ ગઈ છે. હાલ મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ સુધીનો અને ગિફ્ટ સિટી સુધીનો રૂટ જ શરુ કરાયો છે. જયારે મહાત્મા મંદિર સુધીના રૂટ પર હાલ કામગીરી ચાલુ છે. જેના કારણે આ રૂટ પરની મેટ્રો આવનાર સમયમાં કામ પૂર્ણ થયા બાદ શરુ થશે.

જે લોકો અમદાવાદ શહેરમાં ચાલતી મેટ્રો ટ્રેનનો અનુભવ કરી ચૂક્યા છે તેમને અમદાવાદ-ગાંધીનગર વચ્ચેની મુસાફરી માટે સમય ફાળવવો પડશે. કારણે કે આ રૂટ અમદાવાદ સિટીમાં ચાલી રહેલી મેટ્રો સર્વિસ કરતાં થોડો અલગ છે. અમદાવાદ શહેરમાં ચાલી રહેલી મેટ્રો દર ૧૦થી ૧૨ મિનિટે દોડી રહી છે, જયારે મોટેરાથી ગાંધીનગર વચ્ચે દોડતી મેટ્રો ટ્રેન વચ્ચે ૧ કલાક અને ૨૦ મિનિટની ફ્રિકવન્સી છે. એટલે કે બે ટ્રેન વચ્ચે સવા કલાકનું અંતર છે.

અમદાવાદની મેટ્રો સવારે ૬:૨૦ વાગ્યે શરુ થાય છે અને રાત્રે ૧૦ વાગ્યા સુધી કાર્યરત હોય છે. જયારે ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની મેટ્રો સવારે ૭:૨૦થી શરુ થશે અને સાંજે ૭:૨૦ સુધી કાર્યરત રહેશે. પરંતુ અમદાવાદ મેટ્રોની જેમ જ આવનાર દિવસોમાં આ રૂટને પણ ટ્રાફિક મળશે ત્યારે ઓછા સમયમાં અને મોડે સુધી ટ્રેન મળી શકે તેની સંભાવના છે. આ મેટ્રો મોટેરા સ્ટેડિયમ સ્ટેશનથી ગાંધીનગરના સેક્ટર-૧ સ્ટેશન સુધી સવારે ૮:૦૦થી સાંજે ૬:૩૫ વાગ્યા સુધી દોડશે, તો ગાંધીનગર સેક્ટર-૧ સ્ટેશનથી મોટેરા સ્ટેડિયમ સ્ટેશન સુધી સવારે ૭:૨૦થી સાંજે ૭:૨૦ સુધી દોડશે.

## નિઝર- કુકરમુંડામાં પૂજા અર્ચનાબાદ વિઘ્નહર્તાનું વિસર્જન



કુકરમુંડા- તાપીના નિઝર અને કુકરમુંડા તાલુકાના અનેક ગામોમાંથી ગત રવિવારના રોજ શ્રી ગણેશજીની મૂર્તિઓનું તાપી નદીના પાણીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. જે ગામડાઓમાં શ્રીજીની મૂર્તિઓની સ્થાપના કરનારા આયોજકો સહીત ગામડાઓના લોકો દ્વારા બેન્ડ પાર્ટીઓ (ડી.જે.) ઢોલ, તાસા જેવા વાજત્રીના તાલે નાચતા-ગાતા પોતના ગામોમાં શ્રી ગણેશજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. અને સાંજના સમયે તાપી નદીના પાણીમાં શ્રીજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

### માંગરોળમાં ઇદે-મિલાદની ભવ્ય ઉજવણી થઇ

## ભારત સહિત સમગ્ર વિશ્વમાં પ્રેમ, માનવતા, શાંતિ અને સૌહાર્દનો માહોલ સર્જાય એ માટે વિશેષ દુઆ કરાઇ

બારડોલી- ઐતિહાસિક ગાદી ખાનવાદા-એ-ચિશ્તીયા ફરીદીયા સાબિરીયા દરગાહ શરીફ (ચિશ્તીયા નગર) મોટામિયાં માંગરોળ દરગાહ કંપાઉન્ડમાં માંગરોળની ગાદીના વર્તમાન ગાદીપતિ હિઝ હોલીનેસ ખ્વાજા સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તીના સુપુત્ર-અનુગામી ડો. મતાઉદ્દીન ચિશ્તીની, નિઝામુદ્દીન મતાઉદ્દીન ચિશ્તી તથા બદરુદ્દીન મતાઉદ્દીન ચિશ્તીની વિશેષ ઉપસ્થિતિમાં પયગંબર સાહેબના પવિત્ર મુએ (બાલ) મુબારકની ઝિયારત અકીદતમંદોએ કરી તેમજ કોમી એકતા અને ભાઇચારા માટે વિશેષ દુઆ કરવામાં આવી હતી.



માંગરોલની ગાદીના વર્તમાન ગાદીપતિ હિઝ હોલીનેસ ખ્વાજા સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી સાહેબ તથા તેઓના સુપુત્ર અને ઉત્તરાધિકારી ડો. મતાઉદ્દીન સલીમુદ્દીન ચિશ્તી સહિત પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડો. મતાઉદ્દીન ચિશ્તી દ્વારા ઉપસ્થિત માનવમેદનીને પયગંબર સાહેબના જીવનબોધને પોતાના જીવનમાં અપનાવવા હાકલ કરી હતી. ઉપરાંત ભારત સહિત સમગ્ર વિશ્વમાં પ્રેમ, માનવતા, શાંતિ અને સૌહાર્દનો માહેલ સર્જાયએ માટે વિશેષ અભ્યર્થના કરાઇ હતી.

## કીમની ૨૨ વર્ષીય યુવતી જીઆઈડીસીની ફેક્ટરીમાંથી ગુમ

### લવેટ ગામથી વણખુટ મંદિરે દર્શન કરવા પગપાળા નીકળેલા ખેડૂત ગુમ

બારડોલી- ૨૨ વર્ષીય યુવતી ગુમ થતા ફરિયાદ નોંધાઇ પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ કીમ પોલીસની હદમાં પટેલ નગર-૦૨ ખાતે રહેતી ૨૨ વર્ષીય યુવતી કીમ ચારરસ્તા ખાતે કંપનીમાં પોતાનાં રોજીંદા નિત્યક્રમ અનુસાર કામ અર્થે ગઇ હતી. જોકે સાંજે કંપની પરથી પરત ફરેલી યુવતી ઘરે નહીં આવતા પરિવાર દ્વારા આસપાસનાં વિસ્તારમાં તપાસ કર્યા બાદ પણ યુવતી મળી નહીં આવી ગુમ થઇ ગઇ હોવાનું જણાઇ આવ્યું હતું. ત્યારે અંતે સમગ્ર મામલે કોસંબા પોલીસ મથકે ફરિયાદ કરતા હાલ પોલીસે ગુમનો ગુનો નોંધી આગળની




તપાસ હાથ ધરી હતી.

માંગરોળ તાલુકામાં આધેડ ખેડૂત ગુમ થયા માંગરોળ તાલુકાના લવેટ ગામથી વણખુટ મંદિરે દર્શન કરવા પગપાળા નીકળેલા ખેડૂત ગુમ થયા છે. લવેટ ગામના તળાવ ફળિયામાં રહેતા અને ખેતીનો વ્યવસાય કરતા રાજુભાઈ રાયસીંગભાઈ ચૌધરી ઉ.વ.૫૩ તારીખ ૧૦ ના ઘરેથી વણખુટ મંદિરે પગપાળા દર્શન કરવા જવાનું કહી નીકળ્યા હતા. ત્યાર બાદ પરત ઘરે આવ્યા નહોતા. પરિવારજનો દ્વારા રાજુભાઈની ભારે શોધખોળ બાદ પણ તેમનો ક્યાંય પત્તો ન લાગતા ગુમ થયા અંગેની ફરિયાદ હાલ આપવામાં આવી છે.

## પીપોદરા ગામે હાઈવે ક્રોસ કરી રહેલા રાહદારીને અજાણ્યા કારચાલકે અડફેટમાં લેતા મોત; કોસંબા પોલીસે ગુનો નોંધ્યો

બારડોલી- માંગરોળ તાલુકાના પીપોદરા ગામની સીમમાં ને.હા.નં-૪૮ ક્રોસ કરી રહેલા રાહદારીને અજાણ્યા કારચાલકે અડફેટમાં લઇ લેવાનાં પગલે રાહદારીનું ગંભીર ઈજા સાથે ઘટનાસ્થળે મોત નીપજયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, રામબાબુ મનફુલ લાલતાપ્રસાદ નિશાદ પીપોદરા ગામની સીમમાં આવેલા મોગલધામ મંદિરની સામેથી પસાર થતા ને.હા.નં-૪૮નો રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. જે દરમિયાન પૂરપાટ આવી રહેલા અજાણ્યા કારચાલકે રામબાબુને અડફેટમાં લઇ અકસ્માત સર્જી ચાલક કાર લઇને ફરાર થઈ ગયો હતો.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

# દુનિયાને ધ્રુજાવી દેનારી એઆઈની ડાર્કસાઈડ



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

૨૦૨૩ નું વર્ષ એઆઈ ટેકનોલોજીના ઉદયના નામે રહ્યું, ૨૦૨૪ નું વર્ષ સિન્થેટિક મિડીયા યાને ડીપફેકના ઓછાયામાં રહેશે. ડીપફેક સામે યુદ્ધના ધોરણે પગલાં ભરવા અનિવાર્ય છે

૨૦૨૩ નું વર્ષ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના નામે રહ્યું. માઈક્રોસોફ્ટ ફન્ડેડ ચેટજીપીટી અને ગૂગલ બાર્ડ વચ્ચે ભારે સ્પર્ધાનો માહોલ રહ્યો. સાત-આઠ વર્ષ પહેલાં સ્થપાયેલી કંપની ઓપનએઆઈ રિસર્ચ લેબોરેટરીએ કમ્પ્યૂટર પ્રોગ્રામ ચેટ જનરેટિવ પ્રી-ટ્રેઈન્ડ ટ્રાન્સફોર્મર (ચેટજીપીટી) નું સર્જન કર્યું છે. નવેમ્બર-૨૦૨૨ માં ટેસ્ટિંગ થયા બાદ દુનિયાભરમાં તેની ચર્ચા જાગી છે ને રાતોરાત ગૂગલની મોનોપોલી સામે પડકાર સર્જાયો. આ ચેટબોટથી સર્ચ એક્સપિરિયન્સ સદંતર બદલાઈ ગયો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ આ ચેટબોટે ગણતરીની સેકન્ડમાં યુઝર્સના સવાલોના જવાબો આપવા માંડયા એ જોઈને ગૂગલના અધિકારીઓને પરસેવો વળી ગયો.

આમ તો ગૂગલે પણ એઆઈ ચેટબોટ લામડા પર ક્યારનુંય કામ શરૂ કર્યું હતું, પરંતુ એ કામ ધીમી ગતિએ ચાલતું હતું. ગૂગલને કલ્પના નહોતી કે એક નવીસવી કંપની એના તમામ આયોજનો પર પાણી ફેરવી દેશે. જવાબમાં ગૂગલે ઉતાવળે માર્ચ-૨૦૨૩ માં એઆઈ ચેટબોટ બાર્ડને લોંચ કરીને આ ઐતિહાસિક સ્પર્ધામાં ઝંપલાવ્યું. ચેટજીપીટી-બાર્ડની હોડમાં ચેટજીપીટીનો હાથ ઉપર રહેતો હતો. બાર્ડથી કામ નહીં ચાલે એ ગૂગલને વહેલું સમજાઈ ગયું. ડિસેમ્બર-૨૦૨૩ માં ગૂગલે સૌથી બુદ્ધિશાળી ગણાતા એઆઈ ટૂલ જેમીનીને લોંચ કરીને એઆઈની સ્પર્ધાને નવી ઊંચાઈ આપી છે. ગૂગલે ઈ-મેઈલથી લઈને સર્ચ એન્જિન સુધી કેટલીય પ્રોડક્ટ્સમાં એક સાથે અનેક ફેરફારો કરીને બધું એઆઈ સેન્ટ્રિક કરી દીધું.

આ બધા વચ્ચે એઆઈથી માનવજીવન સરળ બનશે કે આખી માનવજાત પર ખતરો આવી પડશે તેની ચર્ચા ચાલતી રહી. દુનિયાની ટોચની ટેક-કંપનીઓના સીઈઓ, માલિકો એઆઈની તરફેણમાં કે એઆઈની વિરુદ્ધમાં એમ બે ભાગમાં વહેંચાઈ ગયા. યુએનના બેનર હેઠળ પહેલી વખત બ્રિટને એઆઈ સમિટ યોજી. ૨૮ દેશોના પ્રતિનિધિઓ વચ્ચે એઆઈની ટેક્નોલોજીને નિયંત્રિત કરવાની ચર્ચા થઈ. એઆઈથી બેરોજગારી વધી જશે અને સેંકડો લોકો રોજગારી ગુમાવી દેશે એવી દહેશત પણ વ્યક્ત થઈ. આ બધા ફેક્ટર્સના કારણે ૨૦૨૩ નું આખું વર્ષ એઆઈ શબ્દની આસપાસ ફરતું રહ્યું, પરંતુ ૨૦૨૪ નું વર્ષ એઆઈની આડઅસરથી સર્જાયેલા નવા પડકાર સિન્થેટિક મિડીયાના નામે રહેશે. એક તરફ એઆઈના સારા પાસા સામે આવી રહ્યાં છે તો બીજી તરફ એઆઈની ટેક્નોલોજીનો દુરૂપયોગ સિન્થેટિક મિડીયા યાને ડીપફેકના સ્વરૂપે હાહાકાર મચાવી રહ્યો છે.

અસલ અને નકલ વચ્ચે દુનિયા સદીઓથી ઝૂલતી રહી છે. જ્યાં અસલ છે ત્યાં નકલ છે છે ને છે જ. આદિમાનવ શિકારની શોધ કરતો ત્યારે નકલી અવાજો કાઢીને શિકારને નજીક લાવતો. પુરાણોમાં દાનવો દેવોનું રૂપ ધરીને ભ્રમ ઉભો કરતા હોય એવી કથાઓ છે. દાનવો દેવોની નકલ કરતા ને ક્યારેક દેવો પણ અન્યોની નકલો કરતા. શ્રી રામે જે અહલ્યાનો ઉદ્ધાર કર્યો હતો એ અહલ્યાને ઈન્દ્રએ અહલ્યાના પતિ ગૌતમ ઋષિનું રૂપ ધરીને છેતરી હતી એવી કથા છે. તે રીતે ઈન્દ્રએ ગૌતમ ઋષિના શરીરની નકલ કરી કહેવાય. ભલે એનું નામ ડીપફેક નહોતું, પણ હતું તો ડીપફેક જ! એક સ્ત્રી પોતાના પતિને ઓળખી ન શકે એવું રૂપ ધારણ કરી શકાય એટલી હદે નકલ થઈ શકતી હતી. રાવણે સીતાજીનું હરણ કર્યું ત્યારે ભિક્ષુકનો વેશ લઈને નકલ કરેલી ને મારીચ પાસે સોનાના મૃગની નકલ કરાવી હતી. અસલી-નકલીનો આ ખેલ સદીઓથી ચાલતો આવે છે.

વેલ, સોશિયલ મિડીયાના જમાનામાં નકલીની મોડર્ન વ્યાખ્યા 'ફેક' થઈ ગઈ છે. ફેક સામગ્રી, ફેક ન્યૂઝ, ફેક વ્યૂઝ, ફેક ફોટો, ફેક વિડીયો.... તથ્ય છે કે નહીં એની ખરાઈ કર્યા વગર ફરતી થયેલી સામગ્રી કે જેને સામાન્ય યુઝર્સ સાચી માનવા માંડે છે. ફેક સામગ્રી સોશિયલ મિડીયામાં ફરતી થઈ જાય તો મિનિટોમાં માણસ હીરોમાંથી ઝીરો બની જાય છે.

આટફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના જમાનામાં હવે ફેકની ઉત્ક્રાંતિ થઈ છે! ફેક હવે 'ડીપફેક'ના નામે હાહાકાર મચાવે છે. એઆઈના દુરૂપયોગથી વિડીયો-ફોટોમાં જે છેડછાડ કરવામાં આવે છે તે એટલું રિઅલ લાગે છે કે એમાંથી અસલી શું ને નકલી શું એ તારવવાનું કામ લગભગ અશક્ય બની જાય છે. આ કૃત્રિમ ફોટો-વિડીયોને સિન્થેટિક મિડીયા કહેવાય છે. સેન્થેટિક એટલે કૃત્રિમ કે બનાવટી.

ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## શ્વાસ લેવો જેટલો જરૂરી છે એટલી તલવાર જરૂરી છે

# ભરૂચમાં ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળની ક્ષત્રિયાણીઓ હુંકાર, રાજપૂતી પરંપરાઓનું જ્ઞાન આપી તલવાર બાજીની તાલીમ મેળવે છે





**ભરૂચ-** ભરૂચમાં ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળ દ્વારા આજના યુવાન-યુવતીઓને પોતાની પરંપરા જાળવી રાખવા તલવાર,સાફો બાંધવો અને તલવાર રાસનું પ્રશિષણ આપીને નવી પેઢીને તૈયાર કરી રહયા છે.જેમાં હાલમાં ૩૫૦ યુવક યુવતીઓ આ તાલીમ મેળવી રહ્યા છે.

હાલમાં ૩૫૦ યુવક-યુવતીઓ કેમ્પમાં ભાગ લે છે ભરૂચના ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળ દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી તેમના રાજપૂત સમાજના અંદાજીત ૨૫૦૦ લોકોએ તલવાર બાજી, સાફો બાંધવો અને તલવાર રાસની તાલીમ આપીને તૈયાર કરવામાં આવ્યા છે.જયારે હાલના યુગમાં યુવક-યુવતીઓ મોબાઈલ અને સોસ્યલ મીડિયામાં બીજી બન્યા છે ત્યારે ભરૂચના શ્રી ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળ ની રાજપૂતાના રોક્સ ટીમના સભ્યો દ્વારા તેમના સમાજના ૧૧ વર્ષની ઉંમર પછીના બાળકો,યુવક અને યુવતીઓને તલવાર બાજી, સાફો બાંધવા અને તલવાર રાસની ત્રણ મહિનાના વર્ગની નિ:શુકલ તાલીમ આપીને તેમના પરંપરાઓનું શિક્ષણ આપીને તૈયાર કરાઈ રહ્યા છે.હાલમાં અહીંયા લગભગ ૩૫૦ જેટલા યુવક-યુવતી ઓ તાલીમ મેળવી રહ્યા છે.

સમાજની દરેક પ્રથાઓને આજની પેઢીને શીખાડાય છે આ વીરપાલસિંહ આટોદારીયાએ જણાવ્યું હતું કે ,ચાલ્સ ડાર્વિનના ડીએનએના સિદ્ધાંત મુજબ જો કોઈ વ્યક્તિની લાક્ષણીક્તા તેની આવનાર પેઢી સુધી ન પહોંચે તો તે ધીરે ધીરે તેના ડીએનએમાંથી વીમુખ થાય છે.ક્ષત્રિય અને હિન્દુઓના સમાજમાંથી જો તલવારને કાઢી નખવામાં આવે તો ઇતિહાસ જ અધૂરો રહી જાય એટલે ભરૂચ શ્રી ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળ છેલ્લા ૧૨ વર્ષથી ક્ષત્રિય સમજની તલવાર અને માથે સાફો બાંધવાની વિદ્યાને જીવિત રાખવા માટે પ્રયાસો કરાઈ રહ્યા છે.આ રાજપૂત સમાજ માટે ગર્વની વાત છે.

આવનાર પેઢીને સમાજનું સંપૂર્ણ જ્ઞાન મળે છે હાલમાં યુવતીઓને શિક્ષણ આપતા પ્રાચીબા રાઉલે જણાવ્યા હતું કે,અમારે જેટલું શ્વાસ લેવો જરૂરી એટલો જ તલવાર પણ જરૂરી છે અમે તલવાર બાજી શીખ્યા બાદ હવે અમારા સમાજના યુવક- યુવતીઓને કેમ્પ દ્વારા તલવાર અને સાફો બાંધવાની તાલીમ તો આપીએ છે સાથે સાથે અમારા કુળ અને ચાર વર્ણની પણ માહિતી આપીએ છે જેથી આવનાર પેઢીને સમાજનું સંપૂર્ણ જ્ઞાન મળી રહે છે.આ સાથે યુવતીઓ આજના સમયમાં બનતા બનાવો પણ ડામી પોતાનું સ્વરાક્ષણ કરીને બીજાને પણ બચાબી શકે છે.

સમગ્ર જિલ્લામાંથી યુવક-યુવતીઓ કેમ્પમાં આવે છે શુભમસિંહ ભદ્રસિંહ સોલંકીએ જણાવ્યુ હતુ કે, ભરૂચના શ્રી ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળ દ્વારા.દર વર્ષે એપ્રિલ અન મે મહિનામાં તલવાર બાજી સહિતના કેમ્પનું આયોજન કરવામાં આવે છે જેમાં ત્રણથી ચાર મહિનામાં તે તલવાર બાજી, સાફો બાંધવો જેવી પ્રવૃતિઓ શીખી જાય છે.હાલમાં પણ સમગ્ર જીલ્લામાંથી સમાજના ૧૭૦ યુવકો અને ૧૪૦ યુવતીઓ આ તાલીમ મેળવી રહી છે.

# ગણેશ વિસર્જનમાં ભક્તિના રંગે રંગાયું સુરત : ગુજરાતના ગરબા સાથે મહારાષ્ટ્રની લેઝીમનો અનોખો સંગમ





સુરત શહેરમાં રંગે ચંગે ગણેશ ઉત્સવ ઉજવાયા બાદ આજે ગણેશ વિસર્જન યાત્રા નીકળી હતી. આજે ગણેશ વિસર્જન દરમિયાન સુરત શહેરમાં લેઝિમ અને ગરબાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.

સુરત શહેરના અનેક મંડળો દ્વારા ગણેશજીની આરાધના કરીને આજે ગણેશ વિસર્જન યાત્રા પણ રંગે ચંગે કાઢવામાં આવી હતી. શહેરની અનેક રહેણાંક સોસાયટીઓમાં ગણેશજીની વિસર્જન યાત્રા દરમિયાન ગણેશ ભક્તો બાપાની ભક્તિના રંગે રંગાયા હતા. આજે ગણેશ ઉત્સવ દરમિયાન ગુજરાતી અને મહારાષ્ટ્રીયન સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. ગણેશજીની વિસર્જન યાત્રા દરમિયાન ગરબાની ધુન વાગતી હતી જયારે ભક્તોના હાથમાં લેઝિમ જોવા મળી હતી. આમ ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન ગરબા અને લેઝિમનો સંગમ દેખાયો હતો.

# હિન્દુ-મુસ્લિમોએ એક સાથે ગણપતિ બાપાને આપી વિદાય



વ્યારા- હાલ સુરત સહિત રાજયમાં ગણેશ ઉત્સવમાં થયેલા વિખવાદ વચ્ચે તાપીના વ્યારામાં કોમી એક્તાનો રંગ જોવા મળ્યો. જેમાં હિન્દુ-મુસ્લિમોએ સાથે મળી ગણપતિ બાપાને વિદાય આપી. આના માટે લાયાન હાર્ટના અધ્યક્ષ રાજુભાઈ જાદવ અને દિલીપભાઈ જાદવની આગેવાનીમાં લાયન હાર્ટ ચાર રાજા ગણેશ પ્રતિમાનો વિસર્જનનું આયોજન કરાયું.

જેમાં બંને કોમના ૧૦૦ બાળકો રાષ્ટ્રધ્વજ કલર લીલા, સફેદ અને કેસરી રંગની ટીશર્ટ પહેર્યા હતા અને મુસ્લિમ યુવાનોએ પંડાલથી બાપાની પ્રતિમાને ઊંચકી વાહનમાં બેસાડ્યા હતા. સમગ્ર કાર્યક્રમ હાલ ચાલી રહેલા વાતાવરણમાં કોમી એકતા નું ભવ્ય ઉદાહરણ બની રહેશે તે માટે હિન્દુ મુસ્લિમ સમાજ ના યુવાનોએ તિરંગા ના વેશ ધારણ કરી શ્રીજી નાં શોભાયાત્રા માં ઝુમી ઉઠ્યા હતા. મુસ્લિમ આગેવાનોએ જણાવ્યું કે આ વિસ્તારના હિન્દુ સમાજના આગેવાનો અમારા તમામ તહેવારોમાં ઉત્સાહભેર જોડાય છે.

# તાપી જિલ્લાના ડુંગરગામ ખાતેથી સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનો પ્રારંભ

**એક પેડ મા કે નામ અંતર્ગત ડુંગરગામના લોકોએ ૧૦૦૦ થી વધુ વૃક્ષો વાવ્યા**





તાપી- તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ડુંગરગામ ખાતે આજરોજ તાપી કલેકટરશ્રી ડો.વિપિન ગર્ગ ના અધ્યક્ષ સ્થાને 'સ્વચ્છતા હી સેવા' અને 'એક પેડ મા કે નામ' નામના બે કાર્યક્રમો યોજાયા હતા. તાપી જિલ્લામાં જુદા જુદા તબક્કાઓમાં ૩૧ ઓક્ટોબર સુધી ચાલનારા આ કાર્યક્રમનો ડુંગરગામથી મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપીને પ્રારંભ કરવામાં આવ્યો હતો. સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત સૌ ગ્રામજનોએ પોતાના ગામને સ્વચ્છ બનાવવાના શપથ લીધા હતા. ક્લીનલીનેસ ટાર્ગેટ યુનીટની સાફસફાઇ કરી એક પેડ મા કે અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવો સહિત ડુંગરગામના લોકોએ એક હજાર થી વધુ વૃક્ષો વાવી બ્યુટીફીકેશન કર્યુ હતું.

કલેકટરશ્રી ડો. વિપિન ગર્ગે ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત આપણે સૌએ જનભાગીદારી સાથે આપણું ફળિયું, ગામ, આંગણવાડી, શાળા તેમજ જાહેર જગ્યા તેમજ તાલુકા અને જિલ્લાને સ્વચ્છ બનાવીએ. જિલ્લા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સ્વચ્છતાની ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે.

સુકો કચરો અને ભીનો કચરો અલગ કરીને તેની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યાં જ નાંખીએ. સૌથી વધુ સમસ્યા પ્લાસ્ટિકની છે. જેથી નોન પ્લાસ્ટિક જુદુ કરીને કચરાનો યોગ્ય નિકાલ કરવાનો છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## મંગરોળ પોલીસે આમનડેરા ગામે પીકઅપમાંથી ૧ લાખ કિંમતનાં વિદેશી દારૂનાં જથ્થા સાથે બેની અટક કરી



બારડોલી- માંગરોળ પોલીસ મથકના પીઆઇ એમ.એચ.સોલંકીની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી પૂર્વ બાતમીનાં આધારે આમડેરા ગામે પીકઅપમાંથી વિદેશી દારૂનો જથ્થો સગેવગે કરી રહેલા બે ઇસમોને ૧ લાખ કિંમતનાં વિદેશી દારૂનાં જથ્થા સાથે ઝડપી પાડતા ચકચાર મચી ગઇ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, માંગરોળનાં આમનડેરા ગામની સીમમાં નરેશભાઇ સોનીનાં ખેતરની બાજુનાં રસ્તા પર પીકઅપનં. જીજે-૧૯-એક્સ-૨૮૯૪ માં વિદેશી દારૂનો જથ્થો ભરી લાવી જેને અન્ય વાહનોમાં સગેવગે કરી રહ્યા હોવાની માંગરોળ પોલીસનાં અ.હે.કો સેમ્યુલભાઇને બાતમી મળી હતી. ત્યાર બાદ હરકતમાં આવેલી માંગરોળ પોલીસની ટીમે ઉપરોક્ત બાતમી વર્ણન અનુસાર સ્થળ પર છાપો મારતા આકસ્મિક આવી પહોચેલી પોલીસને જોઈ સગેવગે કરી રહેલા ઇસમોમાં નાસભાગ મચી ગઇ હતી, પરંતુ પોલીસે ત્યાંથી બે ઇસમોની વિદેશી દારૂનાં જથ્થા સાથે અટક કરી લેવામાં આવી હતી. ત્યારે પોલીસે બનાવનાં સ્થળેથી ૧ લાખ ૦૭ હજાર ૫૫૦ કિંમતની ૧૦૫૩ નંગ વિદેશી દારૂની બોટલ, ૪ લાખ કિંમતની પીકઅપ, ૧ લાખ કિંમતની બે મોપેડ, ૩૫ હજારનાં બે મોબાઇલ મળી પોલીસે કુલ ૬ લાખ ૪૨ હજાર ૫૫૦ રૂનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. હાલ પોલીસે સમગ્ર મામલે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોધી (૧) દિવ્યેશ અરવિંદ સોની (૨) સુરજીતસિંહ ભરતસિંહ રાઠોડ બંને રહે માંગરોળની અટક કરી (૧) રાહુલ ચૌધરી રહે વ્યારા (૨) સાગર ઉર્ફે સોટી ગણપત પ્રજાપતિ રહે માંગરોળ (૩) રાહુલ સુરેશ વસાવા રહે વિઠ્ઠલ ગામ તા.વાલીયા (૪) જનક રહે ચિકલોટા ગામ તા.નેત્રંગ (૫) મોહસીન રહે માંડવા તા.અંકલેશ્વર ને વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાની દિશામાં પોલીસે તપાસનાં ચક્રોગતીમાન કર્યા હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

## ૯ મહિનામાં ૪૪૨ અસામાજિક તત્વો સામે પાસાની કાર્યવાહી

### પોલીસ દ્વારા અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવામાં આવી આવનાર દિવસોમાં વધુ આરોપીઓ વિરુદ્ધ આ કાર્યવાહી કરાશે




સુરત૧- શહેરમાં ગુનાહિત પ્રવૃતિઓમાં સંકળાયેલા ૨૬ અસામાજિક તત્વોને પાસા હેઠળ રાજયની અલગ-અલગ જેલોમાં મોકલવામાં આવ્યા છે. ચાલુ વર્ષે આજદિન સુધીમાં કુલ ૪૪૨ અસામાજિક તત્વોને પાસા હેઠળ અટકાયત કરવામાં આવી છે.

૨૬ અસામાજિક તત્વોને ૫ દિવસમાં પાસા હેઠળ અટકાયતમાં લેવાનો હુકમ સુરત શહેરમાં ગણેશોત્સવ તથા ઈદે મિલાદના તહેવાર દરમિયાન શહેરમાં કોઈ પણ પ્રકારની અસામાજિક પ્રવૃતિ ના થાય અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે શહેરમાં મારામારી, મોબાઈલ સ્નેચિંગ, ઘરફોડ ચોરી, સાદી ચોરીના ગુનાઓમાં તેમજ પ્રોહિબિશનની પ્રવૃતિમાં પકડાયેલા ૨૬ અસામાજિક તત્વોને છેલ્લા ૫ દિવસમાં પાસા હેઠળ અટકાયતમાં લેવાનો હુકમ સુરત પોલીસ કમિશનરે કરી રાજયોની અલગ-અલગ જેલોમાં મોકલી આપવામાં આવ્યા છે, જેમાં ભયજનક કેટેગરીના કુલ ૧૦ તેમજ બુટલેગર કેટેગરીમાં કુલ ૧૦ અસામાજિક તત્વોને પાસા હેઠળ અટકાયત કરવામાં આવ્યા છે.

અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવામાં આવી વધુમાં ચાલુ વર્ષે આજદિન સુધીમાં કુલ ૪૪૨ અસામાજિક તત્વોને પાસા હેઠળ અટકાયત કરવામાં આવ્યા છે. તેમજ આગામી સમયમાં પણ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે શહેરમાં ગુનાહિત પ્રવૃતિ આચરતા અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવામાં આવી છે અને તેઓ વિરુદ્ધ પણ પાસાની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું પોલીસે જણાવ્યું હતું

## દારૂના વેપલામાં સંડોવાયેલા ઉછરેલ મોરી ગ્રામ પંચાયત સભ્યને ૫ વર્ષ માટે ગેરલાયક ઠેરવાયા

બારડોલી-બારડોલી તાલુકાની ઉછરેલ મોરી ગ્રામ પંચાયતના સભ્યને હોદ્દા પરથી દૂર કર્યા બાદ એપ્રિલ માસમાં નશારકક વસ્તુના વેચાણનો ગુનો નોધાયો હતો. તેમની વર્તણૂકમાં સુધારો નહીં આવતા તેમને હવે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પાંચ વર્ષ માટે ગેરલાયક ઠેરવાયા છે.

બારડોલી તાલુકાના ઉછરેલ મોરી ગ્રામ પંચાતના વોર્ડ નંબર ૫ના સભ્ય તરીકે અનુસુચિત જનજાતિ સામાન્ય બેઠક પર પ્રવીણભાઈ ભાણાભાઈ ચૂંટાયેલા જાહેર થયા બાદ લાંબા સમયથી તેઓ ગેરકાયદેસર રીતે દારૂનું વેચાણ કરતાં હોવાથી તેમની સામે પાંચ પોલીસ કેસ નોધાઈ ચૂક્યા હતા. જેમાં તેમને ત્રણ કેસોમાં સજા થતાં ગત ૧૧-૧૨-૨૦૨૩ના રોજ ઉપસરપંચ બળદેવભાઈ હરિભાઇ માહયાવંશીએ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી પ્રવીણભાઈને ગ્રામ પંચાયત સભ્ય પદેથી દૂર કરવા માગ કરી હતી. જે ફરિયાદના આધારે તપાસ બાદ તેમને ગત માર્ચ માસમાં જિલ્લા વિકાસ અધિકારીએ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ હોદ્દા પરથી દૂર કર્યા હતા.

દરમ્યાન સભ્ય પદેથી દૂર કરવામાં આવ્ય આબાદ પણ તેમની સામે એપ્રિલ ૨૦૨૪માં નાશકારક વસ્તુના વેચાણનો ગુનો નોધાયો હતો. અને તેમને આ કેસમાં દોષિત ઠરાવી સજા ફટકારવામાં આવી હતી. આથી પંચાયત અધિનિયમની કલમ ૫૭(૨) અંતર્ગત કાર્યવાહી કરવા માટે ઉપસરપંચ બળદેવ માહયાવંશી દ્વારા ફરી જિલ્લા વિકાસ અધિકારીને ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં પણ પ્રવીણભાઈ દ્વારા તોહમત સામે કોઈ રજૂઆત કરાઇ ન હોય તેમને શરમજનક વર્તણૂક કર્યા હોવાના કારણોસર પાંચ વર્ષ માટે ગેરલાયક ઠરાવવાનો હુકમ કરાયો છે. આથી તેઓ આગામી પાંચ વર્ષ સુધી સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડી શકશે નહીં.

## સુરત જિલ્લામાં ૫૧૬૭ પીએમ આવાસોનું લોકાર્પણ કરાયું



બારડોલી- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અમદાવાદ ખાતેથી સમગ્ર રાજયમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરમાં ૨૦,૮૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૫,૬૦૦થી વધુ ગ્રામીણ આવાસોના લોકાર્પણ અને ૩૦ હજારથી વધુ નવા આવાસોની મંજૂરી આપવામાં આવી હતી. જે અંતર્ગત સુરત જિલ્લામાં ૫૧૬૭ આવાસોનું લોકાર્પણ થયું હતું જેમાં બારડોલીમાં ૪૧૨, મહુવામાં ૧૧૩૨, માંડવીમાં ૧૭૩૯, માંગરોળમાં ૮૫૦, ઓલપાડમાં ૬૬, પલસાણામાં ૧૬ અને ઉમરપાડામાં ૯૫૦ આવાસોનું લોકાર્પણ થયું જેમાં હતું.

જયારે પીએમ જનમન યોજના હેઠળ બારડોલીમાં ૧૦ અને મહુવામાં ૧૧૪ જેટલા પી.એમ.જનમન આવાસોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. જયારે બારડોલીમાં ૯૭, મહુવામાં ૨૬૭, માંડવીમાં ૧૧૪૧, ઓલપાડમાં ૭, માંગરોળમાં ૧૬૬ અને ઉમરપાડા તાલુકામાં ૮૦૯ આવાસોનું મજુર કરવામાં આવ્યા હતા. આમ કુલ ૨૪૮૮ આવાસો મંજૂર કરવામાં આવ્યા હતા. જેને કારણે અનેક લાભાર્થીનું પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે.

## બાપ્પાની પ્રતિમા પાસે મુકેલા ફટાકડામાં લાગી આગ, સુરતમાં વિસર્જન વખતે બનેલી ઘટના



સુરતમાં વહેલી સવારથી ગણેશ વિસર્જન યાત્રા નિર્વિઘ્ને નીકળી રહી હતી. પરંતુ, થોડા સમય બાદ ભાગળ ચાર રસ્તા નજીકથી પસાર થતી એક વિઘ્નહર્તાની વિદાય યાત્રામાં વિઘ્ન આવતા આવતા અટકી ગઈ હતી. ભાગળ ચાર રસ્તા પરથી પસાર થતી શોભાયાત્રામાં પ્રતિમા સાથે મુકેલા ફટાકડામાં આગ લાગી ગઈ હતી. જોકે, આગ નાની હોવા ઉપરાંત પાલિકાના ફાયર વિભભાગની જવાનોની સમયસુચકતાના કારણે તરત આગ બુઝાવી દેવામાં આવી હતી. જેના કારણે મોટી દુર્ઘટના થતી ટાળી શકાઈ.

આનંદ ચૌદશની સવારનો સૂરજ ઉગે તે પહેલા સુરતમાં ગણેશજીના વિસર્જન યાત્રા નીકળી રહી છે. વહેલી સવારથી નિકળતી વિસર્જન યાત્રા શાંતિથી અને ભક્તોના આનંદોલ્લાસ વચ્ચે નીકળી રહી છે. દરમિયાન આઝે ૧૧ વાગ્યા પછી ભાગળ ચાર રસ્તા પરથી વિસર્જન યાત્રામાં નાનકડું વિઘ્ન આવ્યું હતું. ગણેશજીની પ્રતિમા સાથે ફટાકડા મુકવામાં આવ્યા હતા. આ ફટાકડા પર ક્યાંકથી સળગેલો ફટાકડો પડ્યો હતો. જેના કારણે ફટાકડામાં આગ લાગી હતી.



સુરતમાંથી પસાર થતી તાપી નદીમાં વિસર્જન પર પ્રતિબંધ મુકાયો ત્યાર બાદ મોટાભાગના ગણેશ આયોજકો સાથે સાથે ઘરે ગણેશજીની સ્થાપના કરતા લોકો ઘર આંગણે કે ગણેશ મંડપમાં જ શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરે છે.

## યુવકનો પાણીમાં કૂદી આપઘાત

### માંડવીના ગ્રામ સેવકે પત્ની સાથેના અણબનાવને કારણે કેવડી ઘાટના પાણીમાં ઝંપલાવ્યું; પરિવારજનો ઉપર આભ તૂટી પડ્યા જેવી સ્થિતિ



**બારડોલી-** માંડવી ખાતે ગ્રામસેવક તરીકે ફરજ બજાવતા ૩૩ વર્ષીય પ્રશાંત ચૌધરીએ કેવડી ખાતે આવેલા મિની ઘાટના પાણીમાં ઝંપલાવીને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. યુવાને આ પગલું તેની પત્ની સાથે ચાલી રહેલાં અણબનાવને કારણે ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

માંડવી ખાતે છેલ્લા પાંચ વર્ષથી ગ્રામસેવક તરીકે ફરજ બજાવતા પ્રશાંતભાઈ મનહરભાઇ ચૌધરી (ઉ.વ.૩૩, મૂળ રહે. કેવડી બજાર ફળિયું. રણછોડ મંદિરની બાજુમાં) પોતાની સ્કોર્પિયો કાર (નં. જીજે-૧૯-એએ-૯૧૦૨) લઇને વતન કેવડી ખાતે ઘરેથી નીકળ્યા હતા. જે બાદ મોડે સુધી તેઓ પરત નહીં ફરતા તેમના પિતાએ ઉમરપાડા પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી. જેને પગલે હરકતમાં આવેલી પોલીસે ઉમરપાડા જંગલ વિસ્તાર સહિત તપાસ કરતા અંતે કેવડી અને માંડવી વચ્ચે આવેલા મિની ઘાટના કિનારેથી પ્રશાંત ચૌધરીની ચપ્પલ, મોબાઈલ ફોન અને ગાડીની ચાવી મળી આવી હતી. તેમજ તેનાંથી ૫૦૦ મીટર દૂર સ્કોર્પિયો કાર પણ મળી આવતા કંઇક અજુગતું થયાની આશંકા વધી હતી. આખરે ઉમરપાડા પોલીસે તરવૈયાઓની મદદ લઇ મિની ઘાટના પાણીમાં તપાસ કરાવતા ભારે જહેમતના અંતે પ્રશાંત ચૌધરીની લાશ મળી આવી હતી. ડૂબી જવાથી જ તેનું મોત નિપજયું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રો અનુસાર મરનાર પ્રશાંત ચૌધરીની પત્ની હિરલબેન સુરત ખાતે બગાયત અધિકારી તરીકે ફરજ બજાવે છે. છેલ્લા ૨૦ દિવસથી હિરલ વચ્ચે અણબનાવ થતા પ્રશાંત ચૌધરી ૧૫ દિવસની હક રજા ઉપર ઊતરી ગયા હતા. દરમિયાન સોમવારે માનસિક તણાવમાં રહી હતાશામાં આવી તેણે અંતિમ પગલું ભર્યું હતું. ઘટનાના પગલે મૃતકના પરિવારજનો ઉપર આભ તૂટી પડ્યા જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું.

## રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર હિંદલા ખાતે રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરાઈ



**જિલ્લા પંચાયત સંચાલિત આરોગ્ય વિભાગ તેમજ શભમત વિભાગ અન્વયે સગર્ભા, ધાત્રી માતા, અને કિશોરીઓ ને પોષણ વિશે વિસ્તૃત માહિતી ડો પરિમલ પટેલ (તબીબી અધિકારી) દ્વારા કરવામાં આવી**

**તાપી-**રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર હિંદલા જિ તાપી ખાતે ૭મા રાષ્ટ્રીય પોષણ માહ-૨૦ ૨૪ ઉજવણી તાપી જિલ્લાની અંતયાળ વિસ્તારમાં આવેલી રેફરલ હોસ્પિટલ ખાતે ૭મા રાષ્ટ્રીય પોષણ માહ ૨૦૨૪ ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી જેમાં જિલ્લા પંચાયત સંચાલિત આરોગ્ય વિભાગ તેમજ શભમત વિભાગ અન્વયે સગર્ભા, ધાત્રી માતા, અને કિશોરીઓ ને પોષણ વિશે વિસ્તૃત માહિતી ડો પરિમલ પટેલ (તબીબી અધિકારી) દ્વારા કરવામાં આવી જેમાં

'હું એનોમિયા મુક્ત છું એ થીમ કિશોરીઓની હિમોગ્લોબિન ની તપાસ તેમજ સિકલ સેલ ની તપાસ લેબોરેટરીમાં કરાવવામાં આવી ડો આશિષ ગામીત( સ્ત્રી રોગ નિષ્ણાંત) કિશોરીઓને પાંચ સોનેરી સુત્રો જેવા કે બાળકના જીવનમાં પ્રથમ ૧૦૦૦ દિવસ પૌષ્ટિક આહાર એનોમીયા ઝાડા નિયંત્રણ સ્વચ્છતા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી, આઇસીડીએસ વિભાગ દ્વારા પૌષ્ટિક આહાર જેવા કે અળવી ના પાતરા, બાફેલા ચણા, લાડુ, સરગવાની ભાજીના મુઠીયા, જેવી વાનગીઓનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).